| | | | | | |
|---|---|---|---|---|---|
| * | | પ્રાપ્તિ તારીખ | ૦૨/૦૨/૨૦૨૨ | | |
| | | દાખલ તારીખ | ૦૨/૦૨/૨૦૨૨ | | |
| | | ફેંસલ તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૦૪ | ૦૩ | ૦૪ |

**ફોજદારી કેસ નં. ૪૧૭/૨૦૨૨**

| | |
|---|---|
| આંક | |

## ફોર્મ–એ

ત્રીજા અધીક સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં ગાંધીનગર.

ફોજદારી કેસ નંબર–૪૧૭/૨૦૨૨

હુકમ તારીખ–૦૬/૦૫/૨૦૨૬

(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૧૧૮૨૫૦૦૧૨૧૦૦૦૩/૨૦૨૧/સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન )

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચીરાગભાઈ પી. દવે |
| આરોપી | ૧) રાકેશભાઈ રમેશભાઈ ખાખરીયા<br>ઉ.વ. ૩૧<br>રહે.એફ.એ/૧૦૧, પ્રિયંક રેસીડન્સી,<br>મહાદેવ ચોકની નજીક, મોટા વરાછા, સુરત<br>મુળ રહે. ઉટવડ, તા. બાબરા, જી. અમરેલી. |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી | આર.યુ.વહોરા |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૦૨/૦૧/૨૦૨૧ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૨૫/૦૬/૨૦૨૧ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | તા. ૦૨/૦૨/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૦ ૫/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૬ |
| હુકમ પર લીધા તારીખ | તા.૨૪/૦૪/૨૦૨૬ |
| હુકમની તારીખ | તા.૦૬/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | સજા ફરમાવેલ નથી. |

<u>આરોપીની વિગતો</u>

| **આરોપીનો ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ તારીખ** | **જામીન મુક્ત થયા તારીખ** | **આક્ષેપિત ગુનાની વિગત** | **નિર્દોષ કે તકસીરવાર** | **સજાની વિગત** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના કામેજેલમાં રહયા અંગેની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | રાકેશભાઈ રમેશભાઈ ખાખરીયા | તા.૦૯/ ૦૭/ ૨૦૨૧ | તા.૦૯/ ૦૭/ ૨૦૨૧ | ઇ.પી.કો. કલમ ૪૧૯, ૪૨૦,૧ ૨૦(બી), આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) | નિર્દોષ | નિર્દોષ | –– |

| **ફોર્મ–સી** | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૨૫ | ફરીયાદી સુજીતકુમાર મહેન્દ્ર ભાઈ જાની | મૌખિક |

| **ફરીયાદપક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત** | | |
|---|---|---|
| **એ.ફરીયાદપક્ષ** | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૫૧ | ફરીયાદ |
| ૨ | ૫૨ | કલોઝિંગ પુરસીસ |

**ब.બચાવપક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ક.કોર્ટપક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટપક્ષે આંક**

**અ.ફરીયાદ**

| અં.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫૧ | ફરીયાદ |

**બ.બચાવપક્ષે આંક**

| અં.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**ક.કોર્ટપક્ષે આંક**

| અં.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**ક.કબજે કરેલ મુદામાલ**

| અં.નં. | આર્ટીકલ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ત્રણ મોબાઈલ ફોન | -- |

// **ચુકાદો** //

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓએ ગુનાહીત

કાવતરુ કરી, ઈલેક્ટ્રીક સંસાધનો નો ઉપયોગ કરી, ફરીયાદીના મોબાઈલ નંબર ૯૫૩૭૨૩૩૬૬૬ કે જે બજાજ ફાયનાન્સ સાથે લીક હતો અને ફરીયાદીએ આ નંબર નો વપરાશ બંધ કરેલ હોય, તેની જાણ હોવાથી આરોપી નંબર ૩ નાએ બજાજ ફાયનાન્સ તરફથી ફાળવેલ યુજર નેમ તથા પાસવર્ડ દ્વારા આ નંબર મેળવી આરોપી નંબર ૧નાને આપી જે આરોપી નંબર ૧ નાએ વોડાફોન સ્ટોર મા કામ કરતા આરોપી નંબર ર નાને આપી , જે કાર્ડ ત્રાહીત ના નામે ચાલુ કરાવી , બધા આરોપીઓએ ભેગા મળીને આ બજાજ ફાયનાન્સ ના કાર્ડ વડે, ફરીયાદીના એકસીસ બેંકના ખાતા માથી ઓનલાઈન ફલીપકાર્ટના માધયમથી કુલ રુપીયા ૬૮,૯૯૭/– ના ત્રણ મોબાઈલ ની ખરીદી કરી, તે બજારમા વેચી દઈ ગઈ ફરીયાદી સાથે ઓનલાઈન છેતરપીડી કરી, ગુન્હો કરેલ છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતાં ૧૧૮૨૫૦૦૧૨૧૦૦૦૩/૨૦૨૧થી સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૪૧૯, ૪૨૦,૧૨૦(બી),તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી)મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–</u>**

આ કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીઓને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ આંક–૩૦ થી તહોમતનામુ ફરમાવી તેમને ગુનો કબુલ છેકે કેમ તે બાબતે પુછતા આંક–૩૧ થી ૩૨ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના

ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.આ કામે આરોપી નંબર ૧ નાઓ હાજર રહેતા ના હોય, તારીખ ૨૫.૦૯.૨૪ ના રોજ આંક–૧ નીચે હુકમ કરી, આ કામ સદર આરોપી વીરુધ્ધ કલમ ૨૯૯ મુજબ ચલાવવામા આવેલ છે. આ કામે આરોપી નંબર ૨ તથા ૩ નાઓએ સામે સદર ફરીયાદ નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્રારા કવોશ કરવામા આવેલ હોય, તેમની સામે આ કામ ફેસલ ગણેલ હોય,કામ આગળ ચલાવવામા આવેલ નથી.

૨.૧ **પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મૌખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વિશેષ નીવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબનું વિશેષ નીવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ રીતે બચાવ પક્ષે તેઓના બચાવમા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ નથી.

૩. **ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ**

આ કામે ફરીયાદી પક્ષે મૌખીક દલીલ સાંભળી.તેમના તરફે પડેલ પુરાવા ના આધારે યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે. આ કામ આરોપી નંબર ૧ વીરુધ્ધ કલમ ૨૯૯ મુજબ ચલાવવામા આવેલ હોય,તેમની દલીલ માટે રાખવામા આવેલ નથી.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નિર્ણય અંગેના મુદદા</u>**:–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીના મોબાઈલ નંબર ૯૫૩૭૨૩૩૬૬૬ કે જે બજાજ ફાયનાન્સ સાથે લીંક હતો અને ફરીયાદીએ આ નંબર નો વપરાશ બંધ કરેલ હોય, તેની જાણ હોવાથી આરોપી નંબર ૩ નાએ બજાજ ફાયનાન્સ તરફથી ફાળવેલ યુજર નેમ પાસવર્ડ દ્રારા આ મેળવી આરોપી નંબર ૧ નાને આપી જે.આરોપી નંબર ૧ નાએ વોડાફોન સ્ટરો મા કામ કરતા આરોપી નંબર ૨ નાને આપી , જે કાર્ડ ત્રાહીત ના નામે ચાલુ કરાવી , બધા આરોપીઓએ ભેગા મળીને આ બજાજ ફાયનાન્સ ના કાર્ડ વડે, ફરીયાદીના એકસીસ બેંકના ખાતા માથી ઓન લાઈન ફલીપકાર્ટ ના માધયમથી કુલ રુપીયા ૬૮,૯૯૭/– ના ત્રણ મોબાઈલ ની ખરીદી કરી, તે બજાર મા વેચી દઈ ગઈ ફરીયાદી સાથે ઓનલાઈન છેતરપીડી કરી, ઇ.પી.કો. કલમ ૪૧૯, ૪૨૦,૧ ૨૦(બી),તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી)મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૪.૧** ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક

મુદ્દા નંબર– ૨ઃ– આખરી હુકમ મુજબ.

**૫.** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>:: નિર્ણયો અંગેના કારણો ::</u>**

**<u>મુદ્દા નંબર– ૧ :–</u>**

**૬.** ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને કલમ– ૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ, " સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હક અથવા જવાબદારી વિષે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે".ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧ ૦૨ મુજબ, " બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામા ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે". સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે.ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૭. હાલના કામે ફરીયાદ પક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારુ આંક–૫૦ થી ફરીયાદી સુજીતકુમાર મહેન્દૂભાઇ જાની ની જુબાની થયેલ છે જેમા તેમણે જણાવેલ છેકે, અમો અમારા પત્નિ રૂપલબેન તથા મારા દિકરા તથા દિકરી સાથે ઉપર જણાવેલ સરનામે રહિએ છીએ. અમો ચેતક કમાન્ડો યુનિટ બી મા

વર્ષ ૨૦૨૧ ના વર્ષમા એ એસ આઈ તરીકે અમારી ફરજ બજાવતા હતા તે વખતે મારા પત્નિ રૂપલબેન ના નામે બજાજ ફાઈનાન્સ કંપનીની એક ઈ એમ આઈ નેટવર્ક કાર્ડ જેનો નંબર ૨૦૩૦૪૦૦૧૯૯૭૨૮૭૨૬ હતો અને જેની વેલીડીટી ૦૧/૨૬ સુધીની હતી અને મારા એક્સિસ બેન્ક ના સેલેરી એકાઉન્ટ સાથે તે લિંક થયેલ હતુ અને આ બજાજ ફાઈનાન્સ ના કાર્ડ દ્વારા હુ મારી જીવન જરુરિયાત ની વસ્તુઓ ઈ એમ આઈ દ્વારા ખરીદ કરતો હતો. આ કાર્ડ સાથે મારા પત્નિ નો મોબાઈલ નંબર રજીસ્ટર હતો જે હુ ૨૦૧૬થી વાપરતો હતો અને ૨૦૧૮ થી તે બંધ થઈ ગયેલો અને ત્યાર બાદ મે જુનો નંબર બંધ કરાવી નવો નંબર બજાજ ફાઈનાન્સમા અપડેટ કરાવેલ ન હતો. દરમ્યાન ગત તા ૦૨–૦૧–૨૧ ના રોજ હુ મારી ફરજ પર ઓફિસમા હાજર હતો તે દરમ્યાન મારા મોબાઈલ નંબર ૯૫૩૭૨૩૩૭૩૩ ઉપર એક્સિસ બેન્કના રૂપિયા ૧૮૫૧૨/– તથા ૪૮૪૫/– એમ કુલ ૨૩૩૫૭/– ની ખરીદી ના ભાગ રૂપે ચુકવણી સારુ મેસેજ આવેલો હતો, અને તે બાબતે તપાસ કરવા હુ બજાજ ફાઈનાન્સની સેકટર ૬મા આવેલી ઓફિસે ગયેલો ત્યારે તપાસ કરતા સ્ટેટમેન્ટના આધારે જાણવા મળેલ કે આ કાર્ડમાંથી ૦૮–૧૨–૨૦ ના રોજ ઓનલાઈન રૂપિયા ૫૪૯૯૯/– તથા ૧૧–૧૨–૨૦ ના રોજ રુપિયા ૧૩૯૯૮/– એમ કુલ રૂપિયા ૬૮૯૯૭/– ની અજાણ્યા ઈસમો દ્વારા ઓનલાઈન ખરીદી કરવામા આવેલી હતી. જે તે સમયે આ બાબતે ખરીદી અમારા દ્વારા કરવામા આવેલી ન હતી અને જેની અમોએ ઓનલાઈન ફરિયાદ કરેલી હતી પરંતુ ત્યારબાદ બજાજ ફાઈનાન્સ ની ઓફિસે તપાસ કરતા અમોએ અમારી સાથે ગુનાહિત છેતરપિંડી થયા ની ફરિયાદ પો સ્ટે મા આપેલી. મને સદર ફરિયાદની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે જેમા ફરિયાદી તરીકે મારી સહિ છે જે હુ ઓળખી બતાવતા હોય, આંક–૫૧ આપવામા આવેલ છે તથા સદર ફરિયાદમા જણાવેલ ટ્રાન્જેકશન વાળી છેતરપિંડી અમારી સાથે કઈ રીતે કરવામા તથા કોના દ્વારા કરવામા

આવેલી તેની જાતમાહિતી અમોને નહતી. સદર ફરિયાદ નોંધાયેલ ઘણો સમય થઈ ગયેલ હોય તેથી અમો સ્વેચ્છાએ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી અને હાલના કેસમા અમે વધુ કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી કે દસ્તાવેજો રજુ કરવા માંગતા નથી. સદર કેસ અંગે હવે અમોને બીજો કોઈ વાંધો કે તકરાર રહેતો નથી. અમારા પત્નિ હાલ ઘરકામ કરતા હોઈ તેમજ બાળકોની સારસંભાળ રાખવાની જવાબદારી નિભાવતા હોઈ તેમજ તેઓ પણ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી. તથા જાતેજ આ કામ ના આરોપી નંબર ૨ તથા ૩ સાથે સમાધાન થઇ ગયેલ હોય, નામદાર ગુજરાત હાઇકોટમા પણ તેમના વીરુધ્ધ નો સદર કેસ કવોશ કરવા સામે કોઇ વાંધો ના હોવાનુ જાહેર કરેલ હોય, આ કામે આરોપી નંબર ૧ વીરુધ્ધનો કેસ આગળ નહી ચલાવવા માગતા હોવાની જાહેર કરતી પુરસીસ આંક– પર થી રજુ કરેલ છે .આથી તેઓ આ કેસમાં વધુ કોઈ સાક્ષી તપાસવા કે દસ્તાવેજો રજુ કરવા માંગતા નથી. આ કામ આરોપી નંબર ૧ વીરુધ્ધ કલમ ૨૯૯ મુજબ ચલાવવામા આવેલ હોય તેમની તરફે કોઇ ઉલટ કરવામા આવેલ નથી.

૮. આ કામે ફરીયાદી તથા સાહેદએ આંક– **પર** ની પુરશીશથી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે.આ કામે ખુદ ફરીયાદીએ પોતાની જુબાનીમાં તેમની ફરીયાદની હકીકતો મુજબ નો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે કયા આરોપી દ્વારા કયુ કૃત્ય કરવામા આવેલ હતુ. કઈ રીતે તેમની સાથે છેતરપીડી થયેલ અને કઈ રીતે તેમને આ આરોપીએ કરેલા કપટનો ભોગ બનવુ પડેલ છે તે બાબતે ફરીયાદી દ્વારા રેકર્ડ પર પુરતો પુરાવો રજુ ના હોય, આ કામે અપુરતા પુરાવા ના આધારે આ કામ ના આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી.

આ કામે ફરીયાદી એ જાતે સ્વીકારેલ છેકે અજાણ્યા ઈસમો દ્વારા આવુ કૃત્ય થયાનુ તેમને ફોનમા ઓનલાઈન પેમેન્ટ થયાનો મેસેજ આવ્યા બાદ તેઓ બજાજ

ફાયનાન્સની ઓફીસે જતા આવો ઓનલાઈન ફ્રોડ થયાની માહીતી મળેલી પરંતુ આ કોણે કરેલ તે ખબર ના હતી આમ આ આરોપીઓ પૈકી આરોપી નંબર ૧ નાએ તેમની સાથે આ સમગ્ર છેતરપીડી મા કઈ ભુમીકા ભવજી તેનો કોઈ પુરાવો આવેલ નથી. વધુમા જયા ફરીયાદીએ જાતેજ આ આરોપીઓ પૈકી નંબર ૨ તથા ૩ સામે ફરીયાદ કવોશ કરવા સહમતી આપેલ હોય, હવે તેઓ આરોપી નંબર ૧ વીરુઘ્ઘ પણ કેસ આગળ ચલાવવા માગતા નહી હોવાનુ જાહેર કરેલ છે.તયારે તે રીતે અપુરતા પુરાવાના કારણે આરોપી નંબર ૧ના ને તકસીરવાર ઠરાવી શકાય નહી.

૯ આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતનુ બટટા શેખડા નાયડુ વી. સ્ટેટ ઓફ આંધ્રપ્ર દેશનો ચુકાદો માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર અદાલતે ઠરાવેલ કે, આ કામે બનાવ બનેલ હતો તેટલીજ હકીકત ફલીત થાય છે. મહત્વનો પુરાવો કે જે આરોપીની ઓળખ કરી શકે તે ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નહી, આથી આ કેસમા નામદાર અદાલતે આરોપીને દોષીત ઠરાવતો ચુકાદો ફેરવી આરોપીઓની નીર્દોષ મુકતી કરેલ હતી. આ ચુકાદાની કેસ હકીકતો હાથ પરના કેસમા બંધબેસતી હોય, આ કેસમા પણ બનાવ બનેલ છે તેવુ પુરવાર થાય છે પરંતુ કહેવાતી ઓનલાઈન ચોરી આ કહેવાતા આરોપીઓ દ્રારાજ કરાયેલ છે તે સુપેરે પુરવાર થતુ ના હોય, આ કામે આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.

૧૦. વધુમા જયારે ચાલુ પુરાવા દરમીયાન ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયેલ હોય, તયારે તે આરોપી વિરુઘ્ઘ કોઈ જ પુરાવો આપવા માંગતા ન હોવાનું માનવા પુરતું કારણ રહે છે ત્યારે આ કામે ફરીયાદપક્ષ ઘ્વારા જે સાંયોગિક પુરાવો રજુ થયો

છે તે પણ આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.અને જયારે ફરીયાદીજ ફરીયાદને મદદકર્તા– સમર્થનકર્તા કોઈ જુબાની આપતા ના હોય તયારે વધુ સાહેદો તપાસવાથી પણ આ કેસમા કોઈ અર્થ સરે તેમ ના હોય, આ કામે બાકીના સાહેદો ને તપાસવામા આવેલ નથી. ફરીયાદી તરફે તેમના પત્ની ના નામે સદર નંબર હોય, પરંતુ તેમના પત્ની વતી પોતે આ કામ વધુ નહી ચલાવવા પણ કબુલાત કરતા હોય, તે રીતે વધારાના અન્ય ચાર્જશીટમાના સાહેદોને ચકાસવામા આવેલ નથી.

આ હેતુસર નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદા તે '' Sh.Satish mehra V/S Delhi Administration & Anr on 31 july,1996 ને માનસહ વંચાણે લેવામા આવે તો, તેમા નામદાર કોર્ટે ઠરાવેલ છેકે, " When the judge is fairly certain that is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date. We are under heavy pressure of work-load.આમ ખુદ ફરિયાદી તેઓની ફરિયાદની હકીકતને સમર્થન આપતા ન હોઈ તથા જયારે આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ હોય ત્યારે સ્વભાવિક રીતે ફરીયાદી પોતાની ફરીયાદને અનુરુપ જુબાની ન આપે. આમ જયારે રેકર્ડ પર ઇ.પી.કો. કલમ ૪૧૯, ૪૨૦,૧૨૦(બી),આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી)મા દર્શાવ્યા મુજબની છેતરપીડી તથા મદદગારી તથા ઈલેકટ્રોનીક માધ્યમથી થયેલ ગુનાહીત કૃત્ય ની કોઈ હકીકતો સપાટી પર આવતી ના હોય, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાનું મૂલ્યાં

કન કરવામાં આવે તો આ કામના ફરીયાદીએ ગુના અંગેનો લેશમાત્ર  સમર્થનકારી પુરાવો આપેલ ન હોઈ તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ આરોપી ઉપરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નીષ્ફળ રહેલ છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

૮. આ કામે ઉપરોકત કરેલ તમામ ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો  રજુ કરી શકેલ ન હોય, હાલના કામના આરોપી સામેના ગુનાઓ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદા નં.૧નો નિર્ણય નકારમાં કરી, ન્યાયના હીતમાં મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>—:: હુ ક મ ::—</u>**

**૧)** આ કામના આરોપી નંબર  રાકેશભાઈ રમેશભાઈ ખાખરીયા,રહે.એફ.એ/૧૦૧, પ્રિયંક રેસીડન્સી, મહાદેવ ચોકની નજીક, મોટા વરાછા, સુરત મુળ રહે. ઉટવડ, તા. બાબરા, જી. અમરેલી.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ઇ.પી.કો. કલમ–૪૧૯, ૪૨૦,૧૨૦(બી),આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુના માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.સદર હુકમ આરોપીની ગરેહાજરીમા જાહેર કરવામા આવેલ છે.

૨) આરોપીના અગાઉ ના જાતમુચરકા તથા જામીન અપીલ ના હેતુસર ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

૩) ફોજદારી કાર્યરીતી અધીનીયમ ની કલમ ૩૫૩(૬) મુજબ આ ચુકાદો આરોપીની ગેરહાજરીમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવેલ છે.

૪) મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય, તો તે કાયમ કરવામા આવે છે. અને જો ના થયેલ હોય તો જપ્ત લીધેલ મુદામાલ ની ખરા માલીક ની ખરાઈ કરી, તે મુદામાલ નીયમોનુસાર પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| ગાંધીનગર<br>તા.૦૬/૦૫/૨૦૨૬ | (એફ.એન.સોલંકી)<br>ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>ગાંધીનગર |